# ધ સ્પાઈનલ ઈન્જ્યરીઝ ઍસોસિએશન (એસઆઈએ)

# (કરોડરજ્જુની ઈજાઓને લગતી સંસ્થા)

## એસઆઈએ શું હોય છે?

યુ.કે.માં લગભગ ૪૦,૦૦૦ લોકોને કરોડરજ્જુમાં ઈજા થયેલી છે એમ એસઆઈએનું માનવું છે. આવા ઈજાગ્રસ્તો તેમ જ તેમના પરિવારો માટે ધ સ્પાઈનલ ઈન્જ્યરીઝ ઍસોસિએશન (એસઆઈએ) એક દેશવ્યાપી મધ્યસ્થ સંસ્થા છે.

## અમારા ધ્યેય અને અમારી ફિલસૂફી

અમારો મુદ્રાલેખ "કોઈ અંગ ખોટું પડે ત્યારે જીંદગીનો અંત ન આવવો જોઈએ" એ જ બતાવે છે કે ઈજા થયા બાદ પણ કોઈ કમી વગર અને કોઈ જાતની પરવશતા વગર જીવન જીવી શકાય એ બાબત ઉપર અમે ઘણો ભાર મૂકીએ છીએ. દરેક ઈજાગ્રસ્ત વ્યક્તિ પોતાની શક્તિ ખીલવી શકે એ માટે માહિતી અને અનુભવોની આપ-લે કરવી એ અમારે માટે ગુરૂમંત્ર સમાન છે.

અમારૂં કાર્ય:

- કરોડરજ્જુમાં ઈજા થાય ત્યાંથી જીવનપર્યન્ત એ ઈજાગ્રસ્તો અને તેમના પરિવારોને અમે ટેકો/સહારો આપીએ છીએ;
- ઈજાગ્રસ્તોને સ્વાધીનતાપૂર્વક જીવવાની પ્રેરણા અને શક્તિ મળે એવી સેવાઓ અમે આપીએ છીએ;
- કરોડરજ્જુની ઈજાઓ માટે વધુ સારી તબીબી સારવાર અને એ ક્ષેત્રમાં સંશોધન કરાવવા માટે અમે હિલચાલ કરીએ છીએ;
- આવી ઈજાઓના કારણો અને તેના પરિણામો બારામાં અમે જાણકારી અને સમજણ ફેલાવવા પગલાં લઈએ છીએ.

લઘુમતી કોમના આવા ઈજાગ્રસ્તો, તેમના પરિવારજનો તેમ જ મિત્રમંડળ માટે "ઈક્વલી એબલ પ્રોજેક્ટ" શરૂ કરેલ છે. એના થકી નીચે જણાવેલ કાર્યો હાથ ધરવામાં આવ્યા છે:

- સતત સંશોધન અને વિકાસ;
- બહુભાષી ટેલિફોન હેલ્પલાઈન
- સેક્સ/મૈથુનને લગતી બાબતોમાં સલાહ;
- મલ્ટીકલ્ટી નામની વેબસાઈટ ઉપર માહિતી.

# સભ્યપદ - મેમ્બરશીપ

કરોડરજ્જુની ઈજામાં રસ ધરાવનાર કોઇ પણ વ્યક્તિ એસઆઇએના સભ્ય બની શકે છે. તમને ઈજા થઇ હોય, યા કોઇ મિત્ર કે કુટુંબીજનને ઈજા થઇ હોય, યા આવા ઈજાગ્રસ્તો સાથે તમારે કામ કરવાનું હોય, તો આ સંસ્થામાં જોડાવાથી અનેક ફાયદા મળશે.

એક સભ્ય તરીકે તમને ઘણી જાતની સેવાઓ અને સહારો મળી શકે છે. મોટી વાત તો એ છે કે કરોડરજ્જુમાં ઈજા થઇ હોય એવા લોકો અને એના પરિવારો માટે જ ખાસ કાર્યરત હોય એવી સંસ્થાના તમે એક અંગ બની રહેશો.

# અમારા કાર્યક્ષેત્રમાં આવી જતી સેવાઓ:

# “ફ્રીફોન” હેલ્પલાઇન ૦૮૦૦ ૯૮૦ ૦૫૦૧

એસઆઇએની હેલ્પલાઇન વર્ષે દહાડે હજારો ફોનકોલ અને પૂછપરછનું નિવારણ કરતી હોય છે. પ્રશ્નકારોના સવાલો ભિન્ન ભિન્ન પ્રકારના હોય છે. દા. ત. કરોડરજ્જુમાં ઈજા થાય તો કેવી ગૂંચવણો ઊભી થઇ શકે છે? ભવિષ્યમાં સ્વાસ્થ્ય કેવું રહેશે? કેવી જાતની મદદ મળી શકે એમ છે? ઘરની મોર્ટગેજ કોણ ભરશે? હોસ્પિટલના પલંગમાં રહ્યે હું સારવાર માટેનું આયોજન કેવી રીતે કરી શકું? મને નુકસાની પેટે કોઇ જાતનું વળતર મળી શકે?

આ અને આવા બીજા અનેક સવાલોના જવાબ હેલ્પલાઇનના અનુભવી કાર્યકરો આપી શકે છે. દાખલા તરીકે, સ્પાઇનલ કોર્ડ ઇન્જ્યરી સેન્ટર (આ ઈજાઓ માટેનું ખાસ ચિકિત્સાલય) છોડવાનો સમય આવે ત્યારે હિંમત હારી જવાય. ખાસ, સાનુકૂળ વાતાવરણમાં, તબીબી કાર્યકરોની મધ્યે મહિનાઓ સુધી રહ્યા બાદ હવે આમ પ્રજાની વચ્ચે નવજીવન શરૂ કરવાનો સમય આવી ગયો હોય છે. જો કે આની તુલનામાં, કોઇ સાધારણ હોસ્પિટલ છોડવાનું થાય ત્યારે વધારે ચિંતા થાય છે, કેમ કે સ્પાઇનલ ઇન્જ્યરીઝ સેન્ટરમાંથી જે પ્રમાણે સહાયનું માળખું મળી રહે છે એટલું વિકસેલું કે ચોકસાઇવાળું માળખું સાધારણ હોસ્પિટલમાંથી નથી મળતું. આવા કિસ્સાઓમાં અમારી હેલ્પલાઇનના કાર્યકરો મદદરૂપ નીવડે છે; તમને પોતાને નિર્ણય લેવામાં સહાયરૂપ થાય એવી સાચી, સચોટ અને વિગતવાર માહિતી એ પોતાના લાંબા અનુભવને આધારે તમને આપી શકશે.

# મલ્ટી કલ્ચરલ લીન્ક સ્કીમ

# (બહુવણ(ય, બહુસાંસ્કૃતિક સમન્વય)

આ યોજનાનો પાયાનો સિદ્ધાંત એ છે કે પોતાના સમાન વર્ણના કે વંશના લોકો સાથે માહિતી અને અનુભવોની આપસમાં આપ-લે કરવી.

કોઇ વ્યક્તિને અમુક ખાસ વિષય ઉપર વાતચીત કરવી હોય તો આ લીન્ક સ્કીમના કોઇ સભ્ય જોડે એનો સંપર્ક કરાવાય છે.  લાકડે માકડું ના વળગાડી દેવાય તેની ચોકસાઇ અર્થે સભ્યોએ પોતાની પસંદગીના વિષય બારામાં એક રજીસ્ટ્રેશન ફોર્મ ભરવાનું હોય છે અને એ ફોર્મમાં ભરેલ વિગતોને ગુપ્ત રાખવામાં આવે છે.

ગમે તે વિષય ઉપર વિનિમય કરનાર કોઇ ને કોઇ મળી રહે છે, પણ સૌથી વધારે પૂછપરછ આ વિષયો ઉપર હોય છે: હાઉઝીંગ/રહેઠાણ, સ્વાધીનતાપૂર્વકની જીવનશૈલી, કુદરતી હાજત (પેશાબ/સંડાસ) ઉપર અંકુશ, બાળ-ઉછેર, સફર/પ્રવાસ, તબીબી, અને રોજગારી.  આ લીન્ક સ્કીમમાં જોડાવા માટે વધારે માહિતી જોઇતી હોય તો એસઆઇએનો સંપર્ક કરો.

## પીઅર સપોર્ટ સ્કીમ

## (સમોવડીયા, સમદુઃખિયાની આપસમાં સહારો આપવાની યોજના)

કરોડરજ્જુમાં ઇજા પામેલાઓ જોડે એસઆઇએ એક બીજી રીતે પણ વ્યક્તિગત પ્રત્યક્ષપણું/અનુસંધાન રાખે અને તે છે ઇંગ્લેન્ડ અને વેલ્સમાં સ્થપાયેલા નવ સ્પાઇનલ કોર્ડ ઇન્જ્યરી સેન્ટર (આ ઇજાઓ માટેના ખાસ ચિકિત્સાલય) મારફત.  એસઆઇએ વિષે જનજાગૃતિ કેળવવા અર્થે દર વીકે પીઅર સપોર્ટ ઓફિસર અને વોલંટીઅરોની બનેલી ટુકડીઓ દરેક સેન્ટરની મુલાકાત લે છે.  વધારે માહિતી માટે એસઆઇએનો સંપર્ક કરો.

## રેલેટીવ્ઝ ટ્રાવેલ ફંડ

## (સ્નેહીઓને આવ-જા કરવા માટે સહાયનું ભંડોળ)

દેશભરમાં ફક્ત અગિયાર (૧૧) સ્પાઇનલ ઇન્જ્યરીઝ સેન્ટરો છે એટલે ઇજાગ્રસ્ત આપ્તજનોને મળવા જવાનું સ્નેહીઓને કેટલું દુષ્કર થઇ રહે છે એ વિષે એસઆઇએ સભાન છે.  મદદ અર્થે એક ખાસ ભંડોળ સ્થાપવામાં આવ્યું છે.  વધારે માહિતી માટે તમારા સ્પાઇનલ ઇન્જ્યરીઝ સેન્ટર ઉપર સોશિયલ વર્કરનો સંપર્ક કરો.

## પ્રકાશનો

**ફોરવર્ડ:** આ એસઆઇએનું દ્વિમાસિક મૅગેઝીન છે.  દરેક અંકમાં જડબેસલાક મંતવ્યો, લખાણો, પત્રો, ચર્ચાઓ અને સમાચારો હોય છે.  બાળકોને દત્તક લેવા વિષે, ખોળે બેસાડવા વિષે, મહિલાજગતના વિષયો, અન્ય ઉપચાર પદ્ધતિઓ, તેમ જ અધિકારો, બેનિફિટ અને સંશોધન - આ બધા વિષયોને તાજેતરમાં ચર્ચાની એરણ પર ચઢાવેલ છે.  સભ્યોને આ મૅગેઝીન દિન-પ્રતિ-દિન સહારો આપી રહ્યું છે અને અમે જાણીએ છીએ કે ઘણાં નવા ઇજાગ્રસ્તો પણ એનો લાભ લઇ રહ્યા છે.

**વેબસાઇટ** - www.spinal.co.uk

એસઆઇએની વેબસાઇટ યુ.કે.માં આવેલી મોટીમોટી ઇન્ટરઍક્ટિવ સમાજોપયોગી વેબસાઇટમાંની એક વેબસાઇટ છે. એમાં હજારેક પાન છે, સંખ્યાબંધ જોડાણકડીઓ - લીન્ક્સ છે, અને ઘણા ઇન્ટરઍક્ટિવ (આમનેસામને માણી શકાય એવા) નુસખાઓ, એવા અંગ છે, ઇજા થાય એટલે શરૂઆતના દિવસોમાં પરિવારજનો પોતાની સગવડે કરોડરજ્જુની ઇજાઓ બારામાં માહિતી-પત્રિકાઓ વેબસાઇટમાંથી ડાઉનલોડ કરી શકે છે. ઇન્ટરઍક્ટિવ વિભાગમાં રોજના ૭૦૦થી વધારે લોકો ભાગ લે છે; આમાંના ઘણા તો ચૅટ-રૂમમાં વાર્તાલાપ કરે, પત્રમિત્ર વિભાગમાંના લોકોને ઇ-મેઇલ કરે, લોકપ્રિય "મેસેજ બોર્ડ" ઉપર સવાલો પૂછે, યા આ હજારમાંના કોઇ કોઇ પાન ઉપર નજર કરે અને ક્લિક કરતા કરતા બીજી સંબંધિત વેબસાઇટ ઉપર પણ જાય.

## વિડીઓ

પોતાની શક્તિ કોઈને વધારવી હોય અને સ્વાસ્થ્ય સુધારવું હોય એવા લોકોના લાભાર્થે એસઆઇએ પાસે બે વિડીઓ છે, જેના નામ છે: **'ફીલીંગ ફિટ'** અને **'વ્હીલચેર વર્ક-આઉટ'**.

સાથે સાથે ફિઝીઓથેરાપિસ્ટ અને ઑક્યુપેશનલ થેરાપિસ્ટ માટે **'ગેઇનીંગ ગ્રાઉન્ડ'** અને **'ટર્નીંગ ધ કોર્નર'** નામની બે વિડીઓ છે. આમાંની બીજી છે તે એક કલાકની છે, પ્રોફેશનલ રીતે બનાવેલ છે અને મેન્યુઅલ (ઑટોમૅટિક નહીં) વ્હીલચેરનો ઉપયોગ વધુ સારી રીતે કરવા માટે જરૂરી માર્ગદર્શન આપે છે.